ક્રમાંક : બમશ/૧૦૧૧/૧૪૧૮/ગ
શિક્ષણ વિભાગ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૫/૧૦/૨૦૧૭

પ્રતિ,
નિયામકશ્રી,શાળાઓ,
શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**વિષય :-** ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નિમણૂંક આપવાને બદલે ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના આપના તારીખ ૨/૮/૨૦૧૭ના પત્ર ક્રમાંક: ઘ/અ-૩/પોલીસી /જનરલ/ફીક્સ-પૂર્ણ પગાર/CPF-GPF/૨૦૧૭/૧૩૦૯૭-૧૩૧૩૦ના અનુસંધાને જણાવવાનું કે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તારીખ ૨૦/૭/૨૦૧૭ના ક્રમાંક : રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬ (૧૮૦૯૯૫) -ક થી કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના ફીક્સ પગારના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકાવવાની યોજના અમલમાં મૂકેલ છે.

આ ઠરાવની શરત નં. (૧૦)ની જોગવાઇ મુજબ આ યોજના ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના વર્ગ-૩ અને વર્ગ-૪નાં આશ્રિત કુટુંબના કિસ્સામાં સમાન રીતે લાગુ પડશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૦/૭/૨૦૧૭ના ઠરાવની જોગવાઇઓ રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં પણ આપોઆપ લાગુ પડે છે. આ બાબત ધ્યાને લઇ રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફીક્સ પગારથી નિયમિત ધોરણે નિમણૂંક કરવામાં આવેલ વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને પણ રૂ. ૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પૂરા) ચૂકવવાની રહે છે.

આ યોજનાનો લાભ તારીખ ૫/૭/૨૦૧૧ અને ત્યારબાદ અવસાન પામેલ આવા કર્મચારીઓનાં પરિવારને મળવાપાત્ર બનશે. આ યોજનાની અન્ય બોલીઓ અને શરતો સંદર્ભ (૩) હેઠળના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૦/૭/૨૦૧૭ના ઠરાવ મુજબની રહેશે.

1394
1/11/17

(પાછળ જુવો)

આ ઠરાવની જોગવાઇઓ મુજબ આગળની આનુષાંગિક કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા તથા તારીખ ૨૦/૭/.૨૦૧૭ના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ અન્વયે આપની કચેરી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના સંકલનમાં જરૂરી કાર્યવાહી કરી દિન-૨૦માં લાભાર્થીઓને રકમ ચૂકવવાની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

આપના દ્વારા આ અંગેની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરી અહેવાલ રજૂ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(કે.એમ. પુરોહિત)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ

• સીલેક્ટ ફાઇલ – ૨૦૧૭